# ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ સંચાલિત

ધી કે.એન.એસ.બી.એલ. આર્ટ્સ & કોમર્સ કોલેજ, ખેરાલુ
પ્રા. કેશુભાઇ દેસાઇ વિદ્યાસંકુલ, સિધ્ધપુર ચાર રસ્તા, ખેરાલુ
વેબસાઇટ : www.kheralucollege.org

જુનિયર કલાર્ક-૦૧ (દિવ્યાંગ) અને સિનિયર કલાર્ક-૦૧ તથા હેડ કલાર્ક -૦૧ બિન અનામત (OPEN) ની ભરતી માટેની ભાગ-૧ MCQ પરીક્ષા માટે ઉમેદવારો માટે અગત્યની સુચના

પરીક્ષા તારીખ : ૧૮-૦૧-૨૦૨૬

1. આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. જેનો ઉત્તર પત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
2. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઇ એક છે.
3. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રમાં વિકલ્પ E આપેલ છે.
4. ઉમેદવાર એ બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.
5. પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે.
   - જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોત કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહીં.
   - જવાબચાવી (Answer Key) ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એક થી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાંઆવે તો સાચા વિકલ્પ પૈકી કોઇપણ જવાબ માટે એક (૧) ગુણ મળવાપાત્ર થશે.
6. ઉમેદવાર વાદળી/કાળીબોલ પોઇન્ટર પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા શાહી, બ્લેડ કે રબર થી કે અન્ય કોઇપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.
7. પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઇપણ સાહિત્ય, કાપલી, મોબાઇલ, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટવોચ કે અન્ય વિજાણૂં ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.
8. પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત અવાજ કરવોકે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઇ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.
9. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષખંડ છોડવાની સખ્ત મનાઇ છે.
10. પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
11. ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઇ માહિતી ભરવાની રહેશે.
12. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેતર ક્રમ હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
13. પરીક્ષમાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયન્સ, પાનકાર્ડ થવા આધાર કાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.
14. નિર્ધારિત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખતે હાજર થવાનું રહેશે.
15. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલ્ક્યુલેટર, પેનડ્રાઇવ, સી.ડી. વગરે જેવા કોઇપણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.
16. પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહીં.
17. ઉમેદવાર પરીક્ષાખંડમાં મોબાઇલ લાવવાનો રહેશે નહીં.
18. ચેતવણી : સંસ્થા દ્વારા થઇ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ ઉપર કોઇપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.
19. વિષેશ સુચના : ઉમેદવારોને લાંચ રુશ્વત / લાલચ કે છેતરપિંડી આચરેતેવા અસામાજિક તત્વોથી દૂર રેહવા સાવધાનકરવામાં આવે છે.
20. પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ કોલેજની વેબસાઇટ : www.kheralucollege.org પર મૂકવામાં આવશે.
21. લાયક પ્રથમ ૦૭ ઉમેદવારોને કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

પ્રિન્સીપાલ
ધી ખે.ના.સ. બેંક લિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ